# પસંદગી પામેલ ઉમેદવારો માટે સૂચનાઓ

૧. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી) દ્વારા વિવિધ જગ્યાઓ માટે ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે અનુસાર કેસીજી દ્વારા આ અંતિમ (ફાયનલ) મેરીટ લીસ્ટ બહાર પાડવામાં આવે છે.

૨. જે ઉમેદવારો જાહેરાતમાં દર્શાવેલ લાયકાતનાં ધોરણ ધરાવે છે અને પસંદગી માટેની તમામ પ્રક્રિયાં (લેખિત પરીક્ષા, જૂથ ચર્ચા અને પર્સનલ ઇન્ટરવ્યુ) તમામમાં હાજરી આપેલ છે તેઓ જ પસંદગી માટે લાયકાત ધરાવે છે. બાકીના નામ આપોઆપ રદ થાય છે. જે ઉમેદવારો પસંદગી માટેની કોઈ એક પ્રક્રિયામાં પણ હાજર રહેલ ન હોય તો તેઓની ઉમેદવારી આપોઆપ રદ થયેલ છે.

૩. ફાયનલ મેરીટ લીસ્ટમાંથી જાહેરાતના એનેક્ષરમા દર્શાવ્યા અનુસારની જગ્યાઓ માટે ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવશે, જેની વિગત નીચે મુજબ છે. પસંદગી પામેલ તમામ ઉમેદવારોએ કેસીજી ખાતે નીચેના તારીખ અને સમય દરમ્યાન ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે તાત્કાલિક હાજર રહેવું ફરજીયાત છે.

| ક્રમ | જગ્યાનું નામ | તારીખ અને સમય |
|---|---|---|
| ૧ | હેડ ઓફ ઇનિશિયેટિવ (૧૩ પોસ્ટ) | તા. ૦૫/૦૯/૨૦૧૭<br>સમય: ૧૪.00 થી ૧૮.00 કલાક |
| ૨ | પ્રોગ્રામ ઓફિસર (૪૫ પોસ્ટ) | તા. ૦૫/૦૯/૨૦૧૭<br>સમય: ૧૪.00 થી ૧૮.00 કલાક |
| ૩ | પ્રોજેક્ટ એક્ઝીક્યુટીવ (૫૦ પોસ્ટ) | તા. ૦૬/૦૯/૨૦૧૭<br>સમય: ૧૪.00 થી ૧૮.00 કલાક |
| ૪ | આઈ ટી મેનેજર (૦૧ પોસ્ટ) | તા. ૦૬/૦૯/૨૦૧૭<br>સમય: ૧૪.00 થી ૧૮.00 કલાક |
| ૫ | લીગલ ઓફિસર (૦૩ પોસ્ટ) | તા. ૦૬/૦૯/૨૦૧૭<br>સમય: ૧૪.00 થી ૧૮.00 કલાક |

૪. ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે ઉમેદવારે અરજીપત્રની નકલ, અરજીમાં દર્શાવ્યા અનુસારના ઓરીજીનલ સ્નાતક કક્ષાના પ્રમાણપત્ર અને ડીગ્રી સર્ટીફીકેટ, અનુસ્નાતક કક્ષાના પ્રમાણપત્ર અને ડીગ્રી સર્ટીફીકેટ,

વધારાની જો કોઈ લાયકાત ધરાવતાં હોય તો તે અંગેના પ્રમાણપત્ર, અનુભવના તમામ પ્રમાણપત્ર, લીવીંગ સર્ટિફિકેટ, આધાર કાર્ડ અને અન્ય જરૂરી તમામ **ઓરિજિનલ** ડોક્યુમેન્ટ સાથે લાવવાના રહેશે. જો ઉમેદવાર જાહેરાતમા દર્શાવેલ લાયકાત અનુસારના અને/અથવા અરજીમાં દર્શાવ્યા અનુસારના પ્રમાણપત્ર રજુ કરવામાં નિષ્ફળ જશે અથવા ટકાવારી ખોટી સાબિત થશે તો તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે, અને ક્રમાનુસાર મેરીટમાં આવનારને તક આપવામાં આવશે.

૫. જો કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરીને પ્રસ્તુત કરશે અથવા માહિતી અધુરી અથવા ભૂલ ભરેલી પ્રસ્તુત કરશે તો તેની ઉમેદવારી આપોઆપ રદ થશે.

૬. પ્રમાણપત્રોની ચકાસણી બાદ જાહેરાતની જોગવાઈ અનુસાર તમામ લાયકાતના ધોરણ ધરાવતાં ઉમેદવારોને જ નિમણુંક પત્ર આપવામાં આવશે. અને તેમણે રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર એમ. ઓ. યુ. કરવાનો રહેશે. નિયત મર્યાદામાં રિપોર્ટીંગ ન કરનાર પણ નોકરીની તક ગુમાવશે. પગાર ધોરણ અને અન્ય બાબતો ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રૂબરૂ જણાવવામાં આવશે.

તા. ૦૨/૦૯/૨૦૧૭

પ્રો. એ. યુ. પટેલ, 2/9/17
એડવાઈઝર, કેસીજી